# અમદાવાદમાં જગન્નાથ મંદિરેથી રથયાત્રા પૂર્વેની જળયાત્રા યોજાઈ

## બાકીના ગજરાજ મંદિરના પ્રાંગણમાં ઉભા રહેશે : પાંચ કળશમાં જળ ભરીને જગન્નાથનો જળાભિષેક કરવામાં આવશે, નિતિન પટેલ, ગૃહમંત્રી અને મંદિરના મહંતે સાબરમતી નદીથી જળ કળશમાં ભર્યું

અમદાવાદ,તા.૨૪

કોરોના મહામારી વચ્ચે શહેરમાં આવેલા જગન્નાથ મંદિરમાં ૧૪૪મી રથયાત્રા યોજાશે કે કેમ તે અંગે હજુ સરકારે નિર્ણય જાહેર કર્યો નથી પરંતુ આ વચ્ચે રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આજે રથયાત્રા પહેલા થતો જળયાત્રા મહોત્સવ આજે યોજાઈ રહ્યો છે. આ માટે જગન્નાથ મંદિરેથી નીકલેળી યાત્રા જમાલપુરમાં સાબરમતી નદીના સોમનાથ ભૂદરના આરેથી કળશમાં જળ ભરી લાવવા માટે પહોંચી છે. આ જળથી ભગવાનનો જળાભિષેક કરવામાં આવશે. આ જળયાત્રામાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, મંદિરના મહંત દિલીપદાસજી અને ટ્રસ્ટીઓ હાજર રહ્યા છે. કોરોના મહામારીને કારણે આ વખતે જળયાત્રામાં મર્યાદિત લોકો જ હાજર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગત વર્ષે પણ કોરોનાને કારણે જળયાત્રા અને રથયાત્રા વખતે મંદિરમાં મર્યાદિત લોકો હાજર રહ્યા હતા. આ વખતે માત્ર એક ગજરાજ જ સાબરમતી નદીના આરે રહેશે. જ્યારે અન્ય ગજરાજો મંદિરના પ્રાંગણમાં ઉભા રહેશે. જળયાત્રામાં ૫ કળશ, ૫ ધ્વજ પતાકા સાથે આ વખતે રહેશે. સાબરમતી નદી કિનારે સોમનાથ ભૂદરના આરેથી કળશમાં પાણી ભરીને મંદિરમાં લાવવામાં આવશે.



દર વર્ષે ૧૦૮ કળશમાં પાણી ભરી વાજતેગાજતે જળયાત્રા યોજાય છે, પરંતુ કોરોના મહામારીને કારણે જળયાત્રા સાદાઈથી ઓછા લોકો અને ભક્તો વિના યોજાશે. મંદિરમાં જળયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મંદિરના મહંત દિલીપદાસજીએ જળયાત્રા અંગે જણાવતા કહ્યું કે રથયાત્રા પહેલા જેઠ મહિનાની પૂનમના દિવસે જળયાત્રા મહોત્સવ યોજાતો હોય છે. આ દિવસે પરંપરા એવી છે કે ગંગા નદીનું પાણી લાવી તેનાથી ભગવાનનો અભિષેક કરવામાં આવતો હોય છે. ભગવાનનો અભિષેક થયા બાદ ભગવાન ગજવેશ ધારણ કરે છે અને બપોર બાદ મામાના ઘરે જાય છે. કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે ૫૦થી ઓછા લોકો હાજર રહ્યા છે. મહત્વનું છે કે રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારીને ધ્યાને રાખીને હજુ સુધી રથ યાત્રા યોજવા અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. જોકે અમદાવાદ પોલીસ અને અમદવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રથ યાત્રાને લઈને તમામ તૈયારીઓ શરું કરી દેવામાં આવી છે જેથી મંજૂરી મળે તો ભગવાનની રથયાત્રા પૂર્ણ વ્યવસ્થા સાથે કાઢી શકાય. પોલીસ દ્વારા રથયાત્રાના રૂટ પર રિહર્સલ પણ કરવામાં આવ્યું છે. તો મંદિર દ્વારા પણ રથયાત્રા માટે રથનું સમારકામ, ગાજરાજોની ફિટનેસ, અખડીયાનોના કરતબ, મોસાળાના સહભાગીઓની પસંદગી વગેરે તૈયારીઓ કરવામાં આવી રહી છે.



### આર્મીના ભરતી મેળામાં વય મર્યાદામાં છૂટ આપવા માંગ

## કોરોનાના કારણે ભરતી ન થતા વય મર્યાદા વટાવી ચૂકેલા બનાસકાંઠાના ઉમેદવારોને અન્યાય

### પાલનપુર ખાતે કલેકટરને આવેદનપત્ર આપતા ઉમેદવારો

સરહદી બનાસકાંઠા જિલ્લામાંથી આર્મીમાં જોડાવવા માંગતા ઉમેદવારો આજે પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ વય મર્યાદા વટાવી ચૂકેલા ઉમેદવારોને અન્યાય થયો હોવાની લાગણી વ્યક્ત કરતા ગોધરા ખાતે યોજાનાર આર્મી ભરતી મેળામાં વય મર્યાદામાં ૨ વર્ષની છૂટછાટ આપવાની માંગ સાથે કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.



ઈન્ડિયન આર્મીમાં ૨૦૧૯ બાદ ભરતી યોજાઈ નથી. જયારે ગતવર્ષે કોરોનાને કારણે ભરતી મેળો યોજાયો નહતો. હવે ૨૦૨૧-૨૨માં ઈન્ડિયન આર્મીની ભરતી જાહેર કરેલ છે. જેનો ભરતી મેળો ગોધરા ખાતે યોજાનાર છે. જોકે, છેલ્લા બે વર્ષથી ભરતી ન થતા આર્મી માં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો વય મર્યાદા વટાવી ચુક્યા હોઈ તેઓએ કરેલી અથાગ મહેનત પર પાણી ફરી વળ્યું છે. વય મર્યાદા વટાવી ચૂકેલા બનાસકાંઠાના ઉમેદવારોને અન્યાય થયો છે. ત્યારે બે વર્ષ થી તૈયારી કરતા યુવાનો ને મોકો આપવા રજૂઆત કરાઈ હતી.

બે વર્ષ બાદ ભરતી આવતા અગાઉ યુવાનોએ ભરેલા ફોર્મ પ્રમાણે ભરતી યોજવાની માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં બે વર્ષ અગાઉ ફોર્મ ભરેલા યુવાનો ની ઉમર વધી જતાં હવે તેઓ ફોર્મ ભરી શકતા ન હોઈ ગોધરામાં આગામી સમય માં યોજાનારી ભરતીમાં ઉમરમાં છુટછાટ આપવા ની માંગ કરાઈ હતી.

## હું આપવામાં જોડાવાનો નથી, આ ભાજપનું કાવતરું છે : હાર્દિક પટેલ

અમદાવાદ,તા.૨૪

કોંગ્રેસના કાર્યકાહી અધ્યક્ષ હાર્દિક પટેલના આપ અને ભાજપ અંગેના એક નિવેદનથી ગુજરાતની રાજકારણ ફરી ગરમાયુ છે. હાર્દિક પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવી ચર્ચા ઉઠી છે. ત્યારે આ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા હાર્દિકે પટેલે કહ્યું કે, ભાજપ આમ આદમી પાર્ટીને સપોર્ટ કરે છે અને હુ આપમાં જોડાવાનો નથી અને આ તમામ ઉપજાવી કાઢવામાં આવેલી વાત છે. સાથે જ હાર્દિક પટેલે આમ આદમી પાર્ટીને ભાજપની બી ટીમ ગણાવી છે.

હાર્દિક પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાવા છે એ અંગે હાર્દિક પટેલે જવાબ આપ્યો કે, ભાજપ પોતાની મનમરજીથી પ્લાન કરીને ગુજરાતની જનતાને ગુમરાહ કરી રહી છે. ગુજરાતમાં એકમાત્ર કોંગ્રેસ પાર્ટી જ ભાજપને હરાવવા સક્ષમ છે. તેથી ભાજપ આમ આદમી પાર્ટીને આર્થિક અને સામાજિક રીતે પીઠબળ પૂરુ પાડે છે. ગુજરાતમાં આગામી દિવસોમાં કોંગ્રેસ સારુ પ્રદર્શન કરીને સત્તા મેળવશે.

## પ્રવેશ સમસ્યા : સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧૦માં માસ પ્રમોશન પછી ધો.૧૧માં નવા ૩૨૫ વર્ગની જરૂરીયાત

### ગત વર્ષે ૩૦,૦૦૦ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા, આ વર્ષે માસ પ્રમોશનના કારણે વિદ્યાર્થી સંખ્યા ૫૫,૦૦૦

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

શિક્ષણ વિભાગ અને બોર્ડ દ્વારા કોરોનાના કારણે ધો.૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવાયું. ખુશાલી જોવા મળી પરંતુ હવે માનસિક તણાવ શાળા સંચાલકો અને આચાર્યો ઉપર આવી પડ્યો છે. બોર્ડ દ્વારા વર્ગ દીઠ વિદ્યાર્થીની સંખ્યા ૭૫ મંજૂર કરવામાં આવી છે તો પણ ગત વર્ષે ૩૦,૦૦૦ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયા હતા આ વર્ષે માસ પ્રમોશનના કારણે તમામ વિદ્યાર્થી એટલે કે ૫૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયા છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૩૨૫ નવા વર્ગોની જરૂરીયાત ઉભી થાય. ધો.૧૦ પછી કેટલાક વિદ્યાર્થીઓ ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તો પણ ઓછામાં ઓછા ૨૫૦ જેટલા વર્ગની જરૂરીયાત સામે આવી છે. અનેક શાળાઓ પાસે પૂરતા ઓરડા નથી આ સંજોગોમાં તમામ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવો અત્યંત કઠીન બની રહેશે.

માસ પ્રમોશનની ભલે કેટલાક વિદ્યાર્થી-વાલી હરખાતા હોય પરંતુ તેની આડઅસરો આવનારા ૨ થી ૫ વર્ષમાં જોવા મળશે. માસ પ્રમોશનમાં પાસ હશે તેવા વિદ્યાર્થીઓને નોકરી સ્થળે કેવી રીતે જોવામાં આવશે તે અત્યારે કહેવું ઉતાવળીયું છે. સરકારના માસ પ્રમોશનના નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરનારાની સંખ્યા હવે વધી રહી છે પરંતુ તેમાં કોઈ ફેર પડવાનો નથી. માસ પ્રમોશન પછી ધો.૧૧માં પ્રવેશની વિકટ સમસ્યા સામે આવી શકે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ગત વર્ષે માર્ચ-૨૦૨૦માં યોજાયેલી બોર્ડ પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાનું કંગાળ માત્ર ૫૧.૭૧ ટકા અને અરવલ્લીનું ૬૧.૧૦ ટકા પરિણામ આવ્યું હતું. સરેરાશ ૫૬ ટકા પરિણામ આવ્યું હતું પરંતુ આ વર્ષે માસ પ્રમોશનના કારણે ૧૦૦ ટકા પરિણામ આવ્યું જેથી ગત વર્ષની સરખામણીએ આ વર્ષે માસ પ્રમોશનના કારણે ૨૪,૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ કેવી રીતે ધો.૧૧ માં આપવો તેની સમસ્યા સર્જાઈ શકે છે. બોર્ડ દ્વારા વર્ગ દીઠ ૭૫ ની સંખ્યા મંજૂર કરવામાં આવી છે. પરંતુ અનેક શાળાઓમાં વર્ગમાં ૭૫ વિદ્યાર્થીઓને બેસાડવા સંભવ નથી અને ધો.૧૦માં પોતાની શાળાના માસ પ્રમોશન લઈને આવેલા તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો પડે આ સ્થિતિમાં વાલીઓ અને શાળા સંચાલકો, આચાર્યો વચ્ચે ગજગ્રાહ વધવાની પૂરેપૂરી સંભાવના છે. જે શાળાઓ આર્થિક રીતે સક્ષમ નથી તે તાબડતોબ નવા વર્ગોની વૈકલ્પિક વ્યવસ્થા કેવી રીતે કરી શકે..?? સરકાર અને શિક્ષણ વિભાગે દરેક શાળાઓને ૨-૨ ઓરડા બાંધવા માટે તાત્કાલિક ગ્રાન્ટ ફાળવવી જોઈએ તેવો મત અનેક શાળા સંચાલકોએ વ્યક્ત કર્યો છે.

### સાંકડા વર્ગો, વિદ્યાર્થીઓનું આરોગ્ય જોખમાય તેવો ભય

ધો.૧૦માં માસ પ્રમોશન પછી ધો.૧૧માં ૧ વર્ગમાં ૭૫ વિદ્યાર્થીઓની મંજૂરી શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવી છે અત્યારે વર્ગખંડમાં માંડ ૩૫ થી ૪૫ વિદ્યાર્થીઓ સમાવી શકાય તે પ્રકારના વર્ગખંડો ૩ થી ૪ દાયકા જૂની શૈક્ષણિક સંસ્થાઓમાં બનાવ્યા છે અને તેમાં ઠાંસી ઠાંસીને ૭૫ વિદ્યાર્થી એક વર્ગખંડમાં બેસાડવામાં આવે તો આરોગ્ય જોખમાય તેવો ભય છે આ સંજોગોમાં સરકાર અને શિક્ષણ વિભાગે અન્ય વિકલ્પ શોધવો પડશે કાં તો દરેક અનુદાન મેળવણી શૈક્ષણિક સંસ્થાઓને નવા વર્ગખંડો બાંધવા માટે અલાયદી ગ્રાન્ટ ફાળવવી પડે.

## અરવલ્લી ભાજપ સંગઠનમાં ૬૯ કારોબારી સભ્યોની પસંદગી

### બાયડ શહેરમાંથી પાંચની પસંદગી

બાયડ તા.૨૪

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલે ગત રોજ અરવલ્લી જિલ્લા કારોબારી જાહેર કરી છે. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાના ૮ મંડલમાં જ્ઞાતિગત સમીકરણો અને કાર્યકરોની કામગીરીની નોંધ લઈને કારોબારી સભ્ય તરીકે પસંદગી થઈ છે. બાયડ શહેર મંડલમાંથી આંજણા પાટીદાર સમાજ, કડવા પટેલ, કચ્છી પટેલ અને પંચાલ સમાજમાંથી કુલ-૫ કાર્યકરોની પસંદગી કરવામાં આવી છે.



વર્ષ-૨૦૨૨માં યોજાનારી ચૂંટણીમાં સંગઠન અત્યારથી જ તૈયારીમાં લાગ્યું છે. કોઈપણ ભોગે બાયડ, મોડાસા અને ભિલોડા એમ ત્રણેય વિધાનસભા બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાય, સરકારની લોકકલ્યાણની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેવા અભિગમ સાથે અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. તાજેતરમાં જ જિલ્લાના વિવિધ મોરચા સહિત સંગઠન હોદ્દેદારોની બાકી રહેલી નિયુક્તિ જાહેર કરવામાં આવી છે.

જિલ્લા કારોબારીમાં તમામ તાલુકા અને મંડલોનો યોગ્ય કાર્યકરોને સ્થાન મળે તેની ચીવટ રાખવામાં આવી. બાયડ શહેરમાંથી પ્રકાશભાઈ લવજીભાઈ પટેલ, રમણિકભાઈ મૂળજીભાઈ પટેલ, મણીભાઈ રેવાભાઈ પંચાલ, હરેશભાઈ શામજીભાઈ લીંબાણી, કિરીટભાઈ બાબરભાઈ પટેલ(અરજણવાવ)ની જિલ્લા ભાજપ સંગઠન કારોબારી સભ્ય તરીકે પસંદ કરવામાં આવતાં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, દિપકભાઈ પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ સહિત ભાજપના કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.

## દાંતામાં ખાતરમાંથી માટી નીકળ્યાનો ખેડૂતોનો આક્ષેપ

દાંતા,તા.૨૪

દાંતામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના ૨૦૨૧ ના પ્રારંભ વખતે જ ખાતરમાં માટી નીકળ્યાનો ખેડૂતોએ આક્ષેપ કર્યો છે. દાંતા માર્કેટયાર્ડમાં ખાતરને લઈ ખેડૂતોએ હોબાળો કર્યો હતો. જો કે બીજી બાજુ ખાતર વિતરણ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા પણ ઉડ્યા હતાં. અત્રે મહત્વનું છે કે, રાજયના આદિવાસી વિસ્તારમાં રહેતા લોકો માટે ખાતર બિયારણ આપવાની જાહેરાત કરાઈ હતી. તો સાંસદ પરબત પટેલે ગુણવત્તાવાળા ખાતરની ખાતરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આદિજાતિ વિસ્તારના વનબંધુ ખેડૂતોના લાભાર્થે કૃષિ વૈવિધ્યકરણ યોજના-૨૦૨૧નો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીની સમગ્ર આદિજાતિ પટ્ટીના ૧૪ આદિજાતિ જિલ્લાના ૧ લાખ ૨૬ હજાર જેટલા વનબંધુ ખેડૂતોને રૂ. ૩૧ કરોડની માતબર રકમથી ખાતર-બિયારણ ટૂલ કિટ સહાયનો લાભ આ વર્ષે અપાશે.

## વલસાડમાં ૩.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા

વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના કેટલાંક વિસ્તારોમાં ભૂકંપના ૩.૭ રિક્ટર સ્કેલના હળવા આંચકા અનુભવાયા છે. ૨ હળવા આંચકાથી લોકોએ સોશિયલ મીડિયામાં ભૂકંપના આંચકાની વાતો શેર કરી હતી. ઉમરગામ તાલુકાને અડીને આવેલા મહારાષ્ટ્રના પાલઘર જીલ્લાના ધૂંદલવાડી વિસ્તારમાં ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાથી છેલ્લાં આઠ મહિનાથી ભૂકંપના આંચકાથી ગુજરાત અને મહારાષ્ટ્રના ગામડા ધ્રૂજી રહ્યાં છે. આજે ઉમરગામ સહિત મહારાષ્ટ્રના તલાંસરી, બોરડી અને દાહાનુ સહિતના વિસ્તારોમાં ભૂકંપના હળવા આંચકાની ચર્ચા સામે આવી છે.

## અન્યાય : ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ના રિપીટર છાત્રોની પરીક્ષા યોજવા સામે વધતો વિરોધ

### સરકાર અને શિક્ષણ વિભાગ ફરી વિચારણા કરે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સરકાર અને શિક્ષણ વિભાગે કોરોનાના કારણે ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા આપનારા રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન આપી દીધું છે. ત્યારે ૧૫ જુલાઈથી રિપીટર છાત્રોની પરીક્ષા યોજવાનો કાર્યક્રમ જાહેર કરતાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના ૫૦૦૦ થી વધુ રિપીટર છાત્રોમાં સરકારના નિર્ણય સામે વિરોધ સતત વધી રહ્યો છે. સરકાર અને શિક્ષણ વિભાગ રિપીટર છાત્રોની પરીક્ષા મુદ્દે પુનઃ વિચારણા કરે તેમજ બંધારણ આર્ટીકલ-૧૪માં સમાનતાનો અધિકાર છીનવાયાની લાગણી પણ વ્યક્ત કરવામાં આવી છે.

શિક્ષણ હોય કે પછી અન્ય કોઈ જરૂરીયાતમંદને લાભ આપવાનો હોય તેમાં ચોક્કસ માપદંડો હોવા જરૂરી છે. પરંતુ ખાસ કરીને શિક્ષણ વિભાગમાં જ વધુ બુમ સામે આવતી હોય છે. ગુજરાત સતત ૧૫ મહિના સુધી કોરોનાના કારણે કણસતું રહ્યું. સેંકડો લોકો કોરોનાથી મોતને ભેટ્યા હજુ પણ હજારો લોકો સંક્રમિત અવસ્થામાં સારવાર લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓના જીવની પરવા કરી સરકાર અને શિક્ષણ વિભાગે ધો.૧ થી ૧૨ માં માસ પ્રમોશન આપવાનો નિર્ણય જાહેર કર્યો એ સાથે બોર્ડ પરીક્ષા પણ મુલત્વી રહી તેની પાછળ વિદ્યાર્થીઓ સંક્રમિત ન થાય તે મુખ્ય ઉદ્દેશ્ય હતો. રિપીટર છાત્રો પણ વિદ્યાર્થી છે અને રાજ્યના ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાતું હોય તો પછી રિપીટર છાત્રોને કેમ નહીં. શિક્ષણક્ષેત્રે જરાપણ બાંધછોડ ન કરવાની આગવી છાપ ધરાવનારા કેળવણીકારો પણ શિક્ષણ વિભાગના આ પ્રકારના નિર્ણયથી આશ્ચર્ય વ્યકત કરી રહ્યા છે. રિપીટર છાત્રોને માસ પ્રમોશનનો લાભ આપવો જોઈએ તેવી લાગણી ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાંથી સામે આવી રહી છે.

## દૂર કરવી છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમને આશા છે કે કોઈ પ્રતિનિધિ મળશે. તમામ રાજકીય પક્ષોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. મને લાગે છે કે રાજકીય પ્રક્રિયા આગામી સમયમાં શરૂ થવાની છે. સીમાંકન પ્રક્રિયા બાદ પણ ચૂંટણીઓ યોજાશે. ફરી એક વાર ત્યાં વિધાનસભાની રચના કરવામાં આવશે. જમ્મુ-કાશ્મીર ભાજપના પ્રમુખ રવિન્દર રૈનાએ કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરના તમામ નેતાઓને ખાતરી આપી છે કે બધા જમ્મુ-કાશ્મીરના ભવિષ્ય અને સારા માટે મળીને કામ કરશે. પીએમ મોદીએ બધાની વાત સાંભળીને કહ્યું કે જમ્મુ-કાશ્મીરના લોકોના વિકાસ માટે તમામ પગલા લેવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, પીએમ મોદીએ કહ્યું કે રાજકીય મતભેદો થશે પરંતુ દરેકને રાષ્ટ્રીય હિતમાં કામ કરવું જોઈએ જેથી જમ્મુ-કાશ્મીરની જનતાને ફાયદો થાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં બધા માટે સલામતી અને સલામતીનું વાતાવરણ સુનિશ્ચિત કરવાની જરૂર છે. પીએમએ કહ્યું કે તેઓ 'દિલ્હીની દૂરી' અને 'દિલની દૂરી' ખતમ કરવા માગે છે. પીએમે કહ્યું કે જ્યારે લોકોને ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો અનુભવ થાય છે, ત્યારે તે લોકોમાં આત્મવિશ્વાસ પેદા કરે છે અને લોકો વહીવટને તેમનો ટેકો આપે છે અને આજે જમ્મુ-કાશ્મીરમાં આ દૃશ્યમાન છે. પીપલ્સ કોન્ફરન્સના નેતા સજ્જાદ લોને જણાવ્યું હતું કે બેઠક ખૂબ જ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. અમે એકદમ સકારાત્મકતા સાથે બહાર આવ્યા છીએ કે આશા છે કે જમ્મુ અને કાશ્મીરના લોકો માટે થોડી રાહત થશે.

કોંગ્રેસ નેતા ગુલામ નબી આઝાદે જણાવ્યું હતું કે બેઠકમાં અમે કોંગ્રેસ વતી ૫ મોટી માગણીઓ સરકાર સમક્ષ મુકી છે. સરકારે ટૂંક સમયમાં રાજ્યની સ્થિતિ પુન .સ્થાપિત કરવી જોઈએ. અમે બેઠકમાં કાશ્મીરી પંડિતોને ખીણમાં સ્થાયી કરવાની પણ વાત કરી હતી. કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં વહેલી તકે ચૂંટણી યોજવી જોઈએ. બેઠકમાં મોટાભાગના પક્ષકારોએ કહ્યું કે ૩૭૦ નો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં છે. સૂત્રોના હવાલાથી જાણાવ મળ્યું કે પીએમ નરેન્દ્ર મોદીએ તમામ સહભાગીઓના સૂચનો અને ઈનપુટ્સ સાંભળ્યા. તેમણે ખુશી વ્યક્ત કરી કે તમામ સહભાગીઓએ તેમના પ્રામાણિક વિચારો શેર કર્યા. તે એક ખુલ્લી ચર્ચા હતી જે કાશ્મીરના સારા ભવિષ્યના નિર્માણની આસપાસ હતી.

પીએમ મોદી સાથે જમ્મુ-કાશ્મીર નેતાઓની બેઠક અંગે જમ્મુ-કાશ્મીર અપની પાર્ટીના અલ્તાફ બુખારીએ કહ્યું કે વડા પ્રધાને દરેકને સીમાંકન પ્રક્રિયામાં ભાગ લેવા કહ્યું. અમને ખાતરી આપવામાં આવી છે કે આ ચૂંટણીનો રોડમેપ છે. વડા પ્રધાને એમ પણ કહ્યું કે અમે રાજ્યની પુનઃ સ્થાપના માટે પ્રતિબદ્ધ છીએ. વાટાઘાટો આજે સારા વાતાવરણમાં થઈ હતી. વડા પ્રધાને તમામ નેતાઓના પ્રશ્નો સાંભળ્યા. પીએમએ કહ્યું કે, સીમાંકન પ્રક્રિયા પૂરી થયા બાદ ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે. જો આર્ટિકલ ૩૭૦ નો મામલો સુપ્રીમ કોર્ટમાં છે, તો તેના પર શું થયું હોત. લોકોએ દર્દ અંગે ફરિયાદ કરી હતી, પરંતુ જ્યારે મામલો સુપ્રીમ કોર્ટમાં છે તો સુપ્રીમ કોર્ટ તેનો નિર્ણય લેશે.

## પંચના ધામા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટનાઓ હજી પણ બની રહી છે તે કમનસીબ વાત છે.જેમાં પોલીસ અને વહિવટીતંત્ર પણ સામેલ છે. ઉલ્લેખનીય છે કે, કોલકાતા હાઈકોર્ટના આદેશથી હ્યુમન રાઈટ કમિશનની એક ટીમ તપાસ માટે બનાવવામાં આવી છે. આ આદેશ સામે મમતા બેનરજીની સરકારે પુનઃવિચારણા કરવા માટે દાખલ કરેલી અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી છે.

## જિઓ નેક્સ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ફોનને વિશેષ રીતે ભારતીય માર્કેટને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે. તેના પર યુઝર્સ પ્લે સ્ટોર પરથી પણ એપ્સ ડાઉનલોડ કરી શકશે. સ્માર્ટફોનમાં સારી ક્વોલિટિનો કેમેરા પણ હશે અને નિયમિત રીતે એન્ડ્રોઈડ અપડેટ પણ મળશે. મુકેશ અંબાણીએ કહ્યુ હતુ કે, આ ફોન ભારતનો જ નહીં પણ દુનિયાનો સૌથી સસ્તો સ્માર્ટફોન હશે.

## નઝારો નિખર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથતાળી આપી જતા નગરજનો હજુ ચોમાસાના પ્રારંભે ધમાકેદાર અને ધોધમાર વરસાદની વાટે છે. મેઘરાજા રોજ ડોકીયુ કરી જાય છે. પરંતુ વરસતા નથી. ઝરમરિયા અને છાંટેદાર વરસાદથી નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. દિવસ દરમિયાન તડકી છાયડી વચ્ચે અસહ્ય બફારો પણ નગરજનોને અકળાવી રહ્યો છે. ત્યારે રોજ સાંજે મોસમનો મિજાજ બદલાય છે. પરંતુ જળ ભરીને આવતા વાદળો વિખેરાઈ જતા વરસાદની વાટે સૌ કોઈની નજર નભ તરફ મંડરાય છે. આજે પણ સાંજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. થોડીવાર માટે સુસવાટા મારતા પવન સાથે વરસાદી વાદળો પણ નિખર્યા હતા પરંતુ મેઘરાજાના વિચિત્ર મિજાજ વચ્ચે આજે પણ નવા સેકટરો કોરાધાકોર રહ્યા હતા. અલબત્ત જુના સેકટરોમાં સાંજના સમયે ધોધમાર વરસાદી ઝાપટાથી ઠેર ઠેર પાણી ભરાયા હતા જયારે નવા સેકટરોમાં વરસાદ અદ્રશ્ય રહ્યો હતો. સાંજના સમયે વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

## ૪ કરોડ કિમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સલામત સવારીમાં મુસાફરી કરવાનુ પસંદ કરતા ન હતા જો કે હવે ડેપો કક્ષાએથી તમામ રૂટોમાં બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ ગત વર્ષ અલબત્ત વર્ષ ૨૦૧૯ -૨૦ ની સાપેક્ષમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન એસ ટી બસના સંચાલનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અલબત્ત ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી નિગમે ખુબ જ અંદાજિત ૪ કરોડ કીમી જેટલુ ઓછુ સંચાલન કર્યુ છે. ગત વર્ષ દરમિયાન ગાંધીનગર ડેપોએ વિવિધ રૂટોમાં દોડતી બસોનુ અંદાજિત ૧૦ કરોડ કીમી સંચાલન કર્યુ હતુ. જેની સાપેક્ષમાં આ વર્ષે માત્ર ૬ .૩૩ કરોડ કી મી જેટલી જ બસો દોડી છે. હાલ તમામ રૂટોમાં બસ સેવા કાર્યરત છે. જયારે કોરોનાના લીધે એસ ટી બસોમાં બે વર્ષ અગાઉ જેટલો ટ્રાફિક જોવા મલતો હતો તેટલો જોવા મળતો નથી. પરંતુ હવે આમ નાગરિકો સલામત સવારીમાં બેસતા થયા છે. સંક્રમણ પણ ઘટયુ છે. ત્યારે એસ ટી બસની આવક પણ સુધારો થયો છે. જયારે કી મી નુ સંચાલન ઘટવાની સાથે એસ ટી તંત્રએ ગત વર્ષની સાપેક્ષમાં લાખોની આવક ગુમાવી છે.